**-:નમુનો-અ:-**

આંક-

## જામનગર જિલ્લાના મહેરબાનશ્રી એડીશનલ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

**મુકામ: જામનગર**

**ચુકાદાની તારીખ :૩૦/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. : ૧૧૭૬૪/૨૦૨૪**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **આઈ.પી.સી કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ...** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૨૦૦૯૨૪૦૮૬૭/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, જામનગર |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી ડી.એન.ત્રીવેદી |
| આરોપીપક્ષ | **(૧)ભુપતસિંહ હરીસિંહ જાડેજા ,**<br>ઉંમર-૪૯, ધંધો-મજૂરી,<br>રહે.-રાંદલનગર,રાંદલમાતાના મંદિર પાસે, જામનગર.<br><br>**(૨)અશોકબા વા/ઓફ ભુપતસિંહ હરિસિંહ જાડેજા ,**<br>ઉંમર-૪૨, ધંધો-ઘરકામ,<br>રહે.-રાંદલનગર,રાંદલમાતાના મંદિર પાસે, જામનગર. |
| રજુઆત | આરોપી તરફે વકીલ શ્રી જે.એન.ઝાલા |

**-:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૦૫/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૦૫/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૧/૧૨/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૦૭/૦૧/૨૦૨૦ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧.<br><br><br><br><br>૨. | ભુપતસિંહ હરીસિંહ જાડેજા,<br><br>અશોકબા વા/ઓફ ભુપતસિંહ | ૨૨/ ૦૫/ ૨૦૨૪<br><br><br>૨૪/ | | આઈ.પી.સી કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧ ૧૪ તથા | નિર્દોષ છોડ્યા | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | હરિસિંહ જાડેજા | ૦૫/ ૨૦૨૪ | | જી.પી એક્ટ ૧૩૫(૧) મુજબ... | | | |

**::નમૂનો ક::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | હુસેન અયુબભાઇ ચમડીયા | પંચ |
| ફ.સા. ૨ | મહેમુદ ઇબ્રાહીમ સંઘાર | પંચ |
| ફ.સા. ૩ | માનવ ભરતભાઇ રાઠોડ | પંચ |
| ફ.સા. ૪ | ઉમેદાબેન મુઝફરભાઇ સફીયા | ફરીયાદી |
| ફ.સા. ૫ | મુસ્કાનબેન મુઝફરભાઇ સફીયા | સાહેદ |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | પંચ–હુસેન અયુબભાઇ ચમડીયાની જુબાની |

| | | |
|---|---|---|
| ૨ | ૦૯ | પંચનામું |
| ૩ | ૧૧ | પંચ– મહેમુદ ઇબ્રાહીમ સંઘારની જુબાની |
| ૪ | ૧૨ | પંચ– માનવ ભરતભાઇ રાઠોડની જુબાની |
| ૫ | ૧૩ | પંચનામું |
| ૬ | ૧૪ | ફરીયાદી– ઉમેદાબેન મુઝફ્ફરભાઇ સફીયાની જુબાની |
| ૭ | ૧૫ | ફરીયાદ |
| ૮ | ૩૦ | સાહેદ–મુસ્કાનબેન મુઝફ્ફરભાઇ સફીયાની જુબાની |

**::-ચુકાદો–::**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકિકત એવી છે કે , કામના આરોપી નં.૧ એ ભુપતસિંહ જાડેજાના દિકરા રાજદીપસિંહ જાડેજા આજથી ત્રણેક મહિના પહેલા પોતાના ઘરે ગળાફાંસો ખાઇને મરણ ગયેલ હોય અને આ ફરિયાદીની દિકરી મુસ્કાનને આ રાજદીપસિંહ સાથે ફોનમાં વાતચીત કરવાનો સંબંધ હોય જેથી આરોપી નં.ર અશોકબા ભુપતસિંહ જાડેજાએ ફરિયાદી તેથા તેમના દિકરી મુસ્કાનને પોતાના ઘરે બોલાવતા બંને જણા ત્યાં જતા રાજ દિપસિંહે ગળાફાંસો કેમ ખાધેલ છે તે બાબતે પુછતાં આ કામના સાહેદ મુસ્કાનને આ બાબતે કંઇ ખબર નથી તેવું કહેતા બંને આરોપીઓ ઉશ્કેરાઇ જઇ અને ગાળાગાળી કરી અને આરોપી નં.ર દ્વારા સાહેદ મુસ્કાનને માથામાં ફુલદાની મારતા માથાના ભાગે સાત ટાકા આવેલ અને જમણા પગમાં એક ધોકાનો ઘા મારી મુંઢ ઇજા કરી તેમજ આરોપી નં.૧ ભુપતસિંહ દ્વારા ગાળાગાળી કરી અને તલવાર દેખાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાની મદદગારી કરી મે.ડી.એમ.સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૦૮૬૭/૨૦૨૪ ના **આઈ.પી.સી કલમ–૩૨૩,૩૨૪,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટ કલમ–૧૩૫(૧)** મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપીઓ પકડાઈ જતા આરોપીઓ વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હોનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતા જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ

પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવી,**આંક–૦૫ થી ૦૬ સુધી** ગુન્હો અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈનકાર કરેલ. ત્યારબાદ ફરીયાદપક્ષનો નીચે મુજબનો પુરાવો લેવામા આવેલ.

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | પંચ–હુસેન અયુબભાઇ ચમડીયાની જુબાની |
| ૨ | ૦૯ | પંચનામું |
| ૩ | ૧૧ | પંચ– મહેમુદ ઇબ્રાહીમ સંઘારની જુબાની |
| ૪ | ૧૨ | પંચ– માનવ ભરતભાઇ રાઠોડની જુબાની |
| ૫ | ૧૩ | પંચનામું |
| ૬ | ૧૪ | ફરીયાદી– ઉમેદાબેન મુઝફરભાઇ સફીયાની જુબાની |
| ૭ | ૧૫ | ફરીયાદ |
| ૮ | ૩૦ | સાહેદ–મુસ્કાનબેન મુઝફરભાઇ સફીયાની જુબાની |

**(૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે માૈખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર  કરેલ છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે.

**(૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મોંખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મોંખીક દલીલો સાંભળી. તેઓએ અનુક્રમે આરોપીને તકસીરવાન ઠરાવી સજા ફરમાવવા તથા નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

**-::મુદાઓ::-**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદપક્ષ એ હીકકત નિ:શકપણે પુરવાર કરે છે કે , આ કામના આરોપી નં.૧ એ ભુપતસિંહ જાડેજાના દિકરા રાજદીપસિંહ જાડેજા આજથી ત્રણેક મહિના પહેલા પોતાના ઘરે ગળાફાંસો ખાઇને મરણ ગયેલ હોય અને આ ફરિયાદીની દિકરી મુસ્કાનને આ રાજદીપસિંહ સાથે ફોનમાં વાતચીત કરવાનો સંબંધ હોય જેથી આરોપી નં.ર અશોકબા ભુપતસિંહ જાડેજાએ ફરિયાદી તેથા તેમના દિકરી મુસ્કાનને પોતાના ઘરે બોલાવતા બંને જણા ત્યાં જતા રાજદિપસિંહે ગળાફાંસો કેમ ખાધેલ છે તે બાબતે પુછતાં આ કામના સાહેદ મુસ્કાનને આ બાબતે કંઇ ખબર નથી તેવું કહેતા બંને આરોપીઓ ઉશ્કેરાઇ જઇ અને ગાળાગાળી કરી અને આરોપી નં.ર દ્વારા સાહેદ મુસ્કાનને માથામાં ફુલદાની મારતા માથાના ભાગે સાત ટાકા આવેલ અને જમણા પગમાં એક ધોકાનો ઘા મારી મુંઢ ઇજા કરી તેમજ આરોપી નં.૧ ભુપતસિંહ દ્વારા ગાળાગાળી કરી અને તલવાર દેખાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાની મદદગારી કરી મે.ડી.એમ.સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૦૮૬૭/૨૦૨૪ના **આઈ.પી.સી કલમ–૩૨૩,૩૨૪,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટ કલમ–૧૩૫(૧)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| |
|---|
| **નકારમાં.** |
| આખરી હુકમ મુજબ |

**-::કારણો::-**

**૬.મુદ્દા નં:૧**

**(૬.૧) પંચ:–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૦૮** થી **પંચ** હુશેન અયુબ ચામડીયા તથા **આંક–૧૧** થી **પંચ** મહેમુદ ઈબ્રાહીમ સંઘારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. પરંતુ તેઓ **આંક:૦૯** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે

અને તેમને ઇન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**(૬.૨)ફરીયાદી:–**

ફરીયાદપક્ષે **આંક–૧૪** થી **ફરીયાદી** ઉમેદાબેન મુઝફરભાઇ સફીયાને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ,તા. ૧૨/૦૫/૨૦૨૪ ના રોજ બનાવ બનેલ ત્યારે તેના ઘર રાંદલનગર શેરી નં.૬ માં રહેતી હતી. તેના પરિવારમાં તે તથા તેના પતિ અને તેની દિકરી મુસ્કાન અને દિકરો અકરમ અને મોહસીન તેઓ બધા સાથે છીએ અને તેના પતિ ડ્રાઇવીંગ કામ કરે છે.બનાવમાં અશોકબા તેઓના ઘરના બારી દરવાજા તોડી ગયેલ હતા અને બાદમાં તેઓએ તેમના ઘરે ચા –પાણી પી સમાધાન માટે બોલાવેલા અને તેઓ મા દિકરી તેમના ઘરે ગયેલા અને તે વખતે તેઓની ઉપર અશોકબાએ કુલદાની વડે તેની દીકરીને માથામાં મારેલ અને ભુપતસિંહ તલવાર લઇને તેઓની પાછળ દોડયા અને તેઓ ભાગી નીકળેલા અને અશોકબાએ તેની દિકરીને ધોકો વાંસાના ભાગે મારેલો અને સાવરણી અશોકબાએ તેની દિકરીને પગમાં મારેલી.ત્યારબાદ તેઓ આ લોકોથી ભાગીને રીક્ષામાં જી.જી.હોસ્પીટલે ગયેલા.ત્યાં તેઓને ફરજ પરના ડોકટરે તેની દીકરીને માથાના ભાગે સાત ટાંકા લીધેલા અને ૨૪ કલાક સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલી અને ત્યારબાદ રજા આપી દીધેલી.બનાવ બનવાનું કારણ તેને ખબર નથી.પરંતુ તેઓને એવું જાણવા મળેલ કે તેની દિકરી અશોકબાના દિકરા સાથે વાતચીત કરતી હોય જેથી ઉપરોકત બનાવ બનેલો.તેઓએ આરોપી વિરુધ્ધ ફરિયાદ આપેલી.તેઓને ફરિયાદ બતાવવામાં આવે છે , જેમાં તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે , જેને રજુ દાખલ આંક –૧૫ આપવામાં આવે છે.આરોપી નં. ૧ હાજર છે જેને ઓળખી બતાવે છે આરોપી નં.ર તરફે મુકિત રીપોર્ટ રજુ છે.તેઓને મુદામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી કારણ કે બનાવને ઘણો સમય થઇ ગયેલ છે.

બચાવપક્ષ દ્બારા સદર સાહેદને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, રાંદલનગર ખૂબ જ ગીચ વિસ્તાર છે અને આ વિસ્તારમાં આજુબાજુમાં ઘણા મકાનો આવેલા છે. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, <u>બનાવના દિવસે આડોશ–પાડોશમાં દેકારો થયેલો અને ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા જેથી ધકકા – મુકકી થતા તેની દિકરી મુસ્કાનને પડી જતાં માથામાં કાચ વાગી ગયેલો</u>. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે , અશોકબાએ તેની બારીનો કાચ તોડેલ નથી. વધુમાં તેઓ <u>કબુલ કરતા જણાવે છે કે ,અશોકબાએ કુલદાની વડે તેની દીકરીને માથામાં મારેલ નથી</u> . વધુમાં તેઓ <u>કબુલ કરતા જણાવે છે કે , ભુપતસિંહ તલવાર લઇને તેઓની પાછળ દોડેલ હોય તેવુ બનેલ નથી</u>. વધુમાં તેઓ <u>કબુલ કરતા જણાવે છે કે ,</u>

ડોકટર રૂબરૂ તેની દિકરીએ કે તેને કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, પોલીસે એક લખેલ કાગળમાં સહી કરાવેલી અને તેમાં શું લખેલ હતુ તેની તેને જાણકારી નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, અશોકબા તથા ભુપતભાઇ તેઓના વિસ્તારમાં રહેતા હોય જેથી તેઓને ઓળખે છે. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, આરોપીઓએ તેને કે તેની દિકરીને મારેલ નથી કે ગાળો આપેલ નથી કે કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે ,આરોપી પાસે કઇ હથીયાર હતુ જ નહી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે , ત્યાં ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલ હોય જેથી તેનાથી શરતચુકથી અશોકબા અને ભુપતસિંહનું નામ સરતપાસમાં લખાવાય ગયેલ છે પરંતુ આ વ્યકિતઓએ તેની સાથે કે તેની દિકરી સાથે મારકુટ કરેલ નથી કે કોઇ ગાળો આપી ધાકધમકી આપેલ નથી .

**(૬.૩)સાહેદ :–**

ફરીયાદપક્ષે **આંક–૩૦** થી સાહેદ મુસ્કાનબેન મુઝફરભાઇ સફીયાને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે , તેના પરિવારમાં તેના માતા–પિતા અને બે ભાઇ છે.બનાવ વખતે તેઓ જી.એમ.પટેલ સ્કુલમાં અભ્યાસ કરતા હતા. તેના પિતા ડ્રાઇવીંગ કરે છે.બનાવ ૨૦૨૪ ના બારેક વાગ્યાના અરસમાં બનેલો તારીખ યાદ નથી. તેના મમ્મીને રાંદલનગર માતાજીના મંદિર સામે રહેતા અશોકબાનો ફોન આવેલ અને કહેલ કે તે તથા તેની દિકરી અહીં આવે સમાધાનની વાત કરવી છે જેથી ત્રણેક વાગ્યે તેઓ તેના ઘરે ગયેલા ત્યારે અશોકબા અને ભુપતસિંહ તેઓની સાથે વાતો કરવા લાગેલ અને અગાઉ થયેલ બોલાચાલી બાબતે સમાધાનની વાત કરતા તેઓ ઉશ્કેરાઇ ગયેલ અને આજુબાજુના માણસો ભેગા થઇ જતા ધકકામુકકીમાં તેને બારીનો કાચ વાગી જતા તેને માથામાં ઇજા થયેલી.તેને જી.જી.હોસ્પીટલમાં સારવાર લીધેલ. તેના મમ્મીએ ફરિયાદ આપેલ. આ સીવાય કશું બનેલ નથી. સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, રાંદલનગર ખૂબ જ ગીચ વિસ્તાર છે અને આ વિસ્તારમાં આજુબાજુમાં ઘણા મકાનો આવેલા છે. તેઓ કબુલ કરતા જણાવે છે કે, બનાવના દિવસે તેના ઘર પાસે દેકારો થયેલો અને ત્યાં ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલા જેથી ધકકામુકકી થતા તે પડી જતા માથામાં કાચ વાગી ગયેલો . વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, અશોકબાને કુલદાની વડે તેને માથામાં મારેલ નથી . વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, પોલીસે માત્ર તેનું નામ–ઠામ પુછેલ. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, અશોકબા તથા ભુપતભાઇ તેઓના વિસ્તારમાં રહેતા હોય જેથી તેઓને ઓળખે છે. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, આરોપીઓએ તેને માર મારેલ નથી કે

કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, આરોપી પાસે કોઇ હથિયાર હતુ જ નહી.

**૭. પુરાવાઓનું મુલ્યાંકન**

**(૭.૧)** હાલના કામે આરોપી વિરુદ્ધ આ કામના આરોપી નં.૧ એ ભુપતસિંહ જાડેજાના દિકરા રાજદીપસિંહ જાડેજા આજથી ત્રણેક મહિના પહેલા પોતાના ઘરે ગળાફાંસો ખાઇને મરણ ગયેલ હોય અને આ ફરિયાદીની દિકરી મુસ્કાનને આ રાજદીપસિંહ સાથે ફોનમાં વાતચીત કરવાનો સંબંધ હોય જેથી આરોપી નં.ર અશોકબા ભુપતસિં હ જાડેજાએ ફરિયાદી તેથા તેમના દિકરી મુસ્કાનને પોતાના ઘરે બોલાવતા બંને જણા ત્યાં જતા રાજદિપસિંહે ગળાફાંસો કેમ ખાધેલ છે તે બાબતે પુછતાં આ કામના સાહેદ મુસ્કાનને આ બાબતે કંઇ ખબર નથી તેવું કહેતા બંને આરોપીઓ ઉશ્કેરાઇ જઇ અને ગાળાગાળી કરી અને આરોપી નં.ર દ્વારા સાહે દ મુસ્કાનને માથામાં ફુલદાની મારતા માથાના ભાગે સાત ટાકા આવેલ અને જમણા પગમાં એક ધોકાનો ઘા મારી મુંઢ ઈજા કરી તેમજ આરોપી નં.૧ ભુપતસિંહ દ્વારા ગાળાગાળી કરી અને તલવાર દેખાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાની મદદગારી કરી મે.ડી.એમ.સાહેબના જાહેરનામા નો ભંગ કરી ગુન્હો કરેલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૦૮૬૭/૨૦૨૪ના **આઈ.પી.સી કલમ–૩૨૩,૩૨૪,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટ કલમ–૧૩૫(૧)** મુજબનો શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત લગાવવામાં આવેલું છે. તેવામાં સદર કલમના તત્વો જાણવા જરૂરી છે જે નીચે મુજબના છે.

**ઈ.પી.કો. કલમ–૩૨૩: સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોચાડવાની સજા:**

કોઈ પણ વ્યકિત કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય, તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૩૨૪: ભયંકર હથીયાર કે સાધનો વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોચાડવાની સજા:**

કોઈ પણ વ્યકિત કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય, તે સિવાય ગોળી છોડવાના, ભોકવાના કે કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથીયાર તરીકે વાપરવાથી મોત નીપજાવવાનો સમભાવ હોય, તેવા સાધન વડે અથવા આગ કે કોઈ તપાવેલા પદાર્થ વડે અથવા કોઈ ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ વડે શ્વાસ લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળી

જવાથી માનવ શરીરને નુકસાન કરે હોય તેવા પદાર્થ વડે અથવા કોઇપણ પશુ મારફતે સ્વેચ્છા પૂર્વક વ્યથા પહોચાડે તેને ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૫૦૪: સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિની ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેશશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ પણ વ્યક્તિ ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવેશે.

**ઈ.પી.કો. કલમ ૫૦૬: ગુન્હાહિત ધમકીની સજા**

કોઈપણ વ્યક્તિ ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે. જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકત નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્રહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૧૧૪: ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી**

પોતે હાજર ન હોય અને પોતે કરેલ દુષ્પ્રેરણાના પરિણામે થયેલ કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**બી.પી.એક્ટની કલમ–૧૩૫**

કાયદાની કલમો ૩૭, ૩૯ કે ૪૦ મુજબ કાયદાકીય રીતે કરવામાં આવેલ કોઈપણ આદેશોનું પાલન ન કરનાર અથવા તેના પાલન ન કરવામાં મદદગારી કરનારને કલમ ૩૭ ની પેટા કલમ (૧) મુજબ કે તે આ કાયદાની કલમ ૩૯ કે ૪૦ મુજબ કરવામાં આવેલ હોય તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની પણ તે શિક્ષા લેખિત કારણો આપ્યા હોય તે સિવાય ચાર માસથી ઓછી હોવી જોઈએ નહી તેમજ કાયદાની કલમ ૩૭ ની પેટા કલમ (૨) મુજબ તેને એક માસ સુધીની કેદ અથવા એક સો રૂપિયા દંડ તથા કાયદાની કલમ ૩૭ ની પેટા કલમ (૩) મુજબ તેને એક માસની કેદ કે એક સો રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.

**(૭.૨)** તેવામાં હાલના કામે પડેલો પુરાવો જોવામાં આવે તો આંક:૧૪ થી ફરીયાદી ઉમેદાબેન નાઓને સોગન ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં સરતપાસમાં તેઓએ તેમની આંક:૧૫ વાળી ફરિયાદની હકીકતને મહદઅંશે સમર્થન કરતી જુબાની આપેલી છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે ફરિયાદને ઘણો સમય થઇ ગયેલો હોય તેઓ મુદ્દામાલ ઓળખી શકે નહી. ત્યારબાદ બચાવપ્કક્ષ દ્વારા લેવામાં આવેલી ઉલટ તપાસમાં તેઓએ કબુલ કરતા જણાવેલ છે કે બનાવના દિવસે આડોશ–પાડોશમાં દેકારો થયેલો અને ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા જેથી ધકકા– મુકકી થતા તેની દિકરી મુસ્કાનને પડી જતાં માથામાં કાચ વાગી ગયેલો. તેમજ અશોકબાએ ફુલદાની વડે તેની દીકરીને માથામાં મારેલ નથી તેમજ ભુપતસિંહ તલવાર લઇને તેઓની પાછળ દોડેલ હોય તેવુ બનેલ નથી તેમજ ડોકટર રૂબરૂ તેની દિકરીએ કે તેને કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી તેમજ પોલીસે એક લખેલ કાગળમાં સહી કરાવેલી અને તેમાં શું લખેલ હતુ તેની તેને જાણકારી નથી તેમજ આરોપીઓએ તેને કે તેની દિકરીને મારેલ નથી કે ગાળો આપેલ નથી કે કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ આરોપી પાસે કઇ હથીયાર હતુ જ નહી તેમજ ત્યાં ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલ હોય જેથી તેનાથી શરતચુકથી અશોકબા અને ભુપતસિંહનું નામ સરતપાસમાં લખાવાય ગયેલ છે પરંતુ આ વ્યકિતઓએ તેની સાથે કે તેની દિકરી સાથે મારકુટ કરેલ નથી કે કોઇ ગાળો આપી ધાકધમકી આપેલ નથી. આમ , તેઓએ તેમની આંક:૧૫ ની ફરિયાદ તથા આંક:૧૪ વાળી સોગંદ ઉપરની જુબાનીમાં અતિ મહત્વની તથા ગંભીર કહી શકાય તેવી વિસંગતતાઓ રેકર્ડ ઉપર આવેલી હોય તેઓ એકલાની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શક્ય તેમ નથી. વધુમાં હાલના કામે **આંક: ૦૮** થી **પંચ** હુશેન અયુબ ચામડીયા તથા **આંક–૧૧** થી **પંચ** મહેમુદ ઇબ્રાહીમ સંધારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. પરંતુ તેઓ **આંક:૦૯** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેવી જ રીતે આંક:૧૨ થી પંચ માનવ ભરતભાઈ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે પરંતુ તેઓએ આંક:૧૩ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સ્મ્રથન્કારી પુરાવો આપેલો ન હોય તેઓને પણ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. અને આ તમામ પંચોને તેમને ઇન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી તેમજ સદર પંચનામાની હકીકત ની:શંકપણે પુરવાર થયેલી ગણી શકાય નહી. વધુમાં હાલના કામે ઈજા પામનાર સાહેદ મુસ્કાનબેન ને આંક:૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓને પણ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. તેમને ઇન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કો ઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી તેમજ તેઓની

જુબાનીથી આંક:૧૫ વાળી ફરિયાદની હકીકત પણ ની:શંકપણે પુરવાર થયેલી ગણી શકાય નહી. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા તેઓને હાલના કામે અન્ય કોઈ પુરાવો રજુ રાખવો નથી તેવું પુર્સીસ રજુ રાખીને જાહેર કરેલું હોય અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી. આમ, હાલના કામે ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કામે રેકર્ડ ઉપર પડેલ પુરાવાનું સમ્પૂર્ણ રીતે અવલોકન અને મુલવણી કરવામાં આવે તો આરોપી વિરુદ્ધ લગાવવામાં આવેલ દરેક કલમોનું તહોમત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલા હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે. અને જ્યારે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિશંક રીતે પડેલા પુરાવાથી સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવાનું રહે છે કે આરોપી નિર્દોષ છે. અને તેનો લાભ આરોપીને આપવો જોઈએ. અને આરોપી સામેના કેસની સાબિતીનો બોજો ફરિયાદ પક્ષ ઉઠાવી શકે નહી. આમ, હાલના કેસમાં આરોપી ખરેખર સદર ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે પડેલા પુરાવાથી નિ:શંકપણે સાબિત થતું ન હોય ન્યાયના હિતમાં મુદ્દા નં: ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં ૨ માટે ન્યાય ના હિત માં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>::: આખરી હુકમ :::</u>

**(૧)** આ કામના આરોપીઓ(૧) ભુપતસિંહ હરીસિંહ જાડેજા તથા (૨) અશોકબા વા/ઓફ ભુપતસિંહ હરીસિંહ જાડેજાનાઓને ક્રી.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો કલમ-૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) અન્વયેના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો અથવા રૂપિયા ૧૫,૦૦૦/- ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો ક્રી.પ્રો.કોડની કલમ ૪૩૭-એ લગત હુકમ કરવામાં આવે છે.

**(૩)** અપીલ સમય વીત્યેથી કબજે લેવાયેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩૦ મી જુલાઇ સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૩૦/૦૭/૨૦૨૬

સ્થળ:જામનગર

[ખુશ્બુ મુકેશભાઈ ભટ્ટ]

એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ

જામનગર

GJ01559

એમ.યુ.ખારેચા